**પ્રતિ શ્રી,** **તા. ૧૮-૦૯-૨૦૧૧**

**ઈડર દરજી સમાજ - ઈડર**

જય શ્રી કૃષ્ણ....

ઈડર દરજી સમાજ-ઈડર દ્વારા સમાજની વાડી કૃષ્ણ નગર વિષયક જે પરિપત્ર બહાર પાડ્યો છે તે બાબતે ચર્ચા કરવા યોગ્ય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી.

૧) સમાજવાડી કૃષ્ણનગરના વેચાણ બાબતે આપે લેખિતમાં સમાજનાં મંડળો પાસે આ પગલુ ભરવા અગાઉ કોઈ લેખિતમાં અભિપ્રાય માંગ્યો નથી, જ્યારે આપ દરેક વસ્તુ લેખિતમાં લેવાના સખત આગ્રહી છો.

૨) વાડી વેચાણ બાદ મુંબઈમાં જગ્યા લેવી કે નહીં તે મુદ્દો તમે ઉઠાવ્યો છે અને જાહેર કરો છો કે આ બાબતે સમાજજનોની બહુમતી મળી છે, પરંતુ બહુમતીનો તમારો અર્થ શું છે ? નેત્રામલી ગામે લોકાચારમાં ૧૦૦ થી ૨૦૦ માણસોની સહી એ સંપૂર્ણ સમાજની બહુમતી ન કહેવાય, માત્ર લઘુમતી કહેવાય.

૩) વાડી વેચ્યા બાદ શું કરવું એનો આપખુદી નિર્ણય લેનાર આપ કોણ ? આપ આ વાડીના વહીવટકર્તા છો, માલિક નહિ. આ વાડી સમસ્ત દરજી સમાજની છે, વ્યક્તિગત નહિ. આ બાબતે અન્ય મંડળો જ્યારે પૂછે ત્યારે તમારો વ્યવહાર માલિક જેવો હોય છે, પરંતુ ધ્યાન રહે કે આપ વહીવટકર્તા છો, માલિક નહિ, આપ સમાજના પ્રતિનિધિ છો, પિતા કે પરમેશ્વર નહિ.

આ વાડી માટેના તમારા વિચારો અને ભાવિ યોજનાનો કદાચ તમારા હિસાબે યોગ્ય હશે, પરંતુ દરેક કાર્યની એક પધ્ધતિ હોય છે - સીસ્ટમ હોય છે.

આપ અમુક મંડળોને ધનરાશિ આપવી એવું કહો છો, પરંતુ આવા મનમુજબના નિર્ણય લેનાર આપ કોણ ? જે ૨૧ સભ્યોની કમિટિ બની હતી એની સર્વાનુમતે ચર્ચા-વિચારણા અને નિર્ણય થાય તો જ ભનિષ્યમાં સારા પરિણામો મળશે.

એક-બે માણસોના અવિચારી વિચારો અને ટૂંકી દ્રષ્ટિભર્યા નિર્ણયોને લીધે યુવામંચે સમાજના બહુમૂલ્ય ૩૦ લાખ રૂપિયા ખોઈનાખ્યા છે. ભવિષ્યમાં સમાજ આ રીતે ન દંડાય અને નુકશાનીમાં ન ઉતરે એવી તકેદારી રાખવી પડશે.

અમારી વિનંતી છે કે આ મુદ્દાની ચર્ચા માટે મુંબઈ ખાતે મિટિંગ બોલાવી ૧૧ મેમ્બરની કમિટિ બનાવવી આ મેમ્બરો વચ્ચે ભવિષ્યની યોજનાઓની ચર્ચા કરવી અને આ મેમ્બરો જે નિર્ણય લે તે જવાબદાર રહેશે.

સમાજના કાર્યો સમાજજનો, દાતાઓ અને અન્ય કાર્યકર્તા વિરૂધ્ધ જઈને કરશો તો સંપૂર્ણ સફળતા નહિ મળે, આખરે દાતાઓ આટલું દાન આપે છે તો એમનો પણ કંઈ હક્ક તો છે જ ને ?

આપને સવિનય જણાવવાનું કે રાજા કરતાં રાજ્ય મહત્વનું છે, પ્રજાજનો મહત્વના છે. સમાજનું હિત મહત્વનું છે.

આપની નિર્ણયશક્તિ આપના મતે ગમેતેવી સચોટ માનતા હો પણ એક ખોટું પગલુ અને ખોટો નિર્ણય આખું શાસન ઉથલાવી શકે છે.

લિ.